॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૭૧, એપ્રલ–૨૦૨૫, રૂા. ૫.૦૦/–

પધારો રાપર

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

## જાહેર આમંત્રણ

મહોત્સવમાં



પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ





પ.પૂ. મહંત સદ્. સ્વામી ધર્મનંદનદાસજી

**શ્રી સ્વામિનારાયણ મંદિર રાપર (વાગડ) મધ્યે**

## નૂતન મંદિર ઉદ્‌ઘાટન તેમજ

# મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

**તા. ૯ થી ૧૫ મે-૨૦૨૫**

દેશ વિદેશમાં રહેતા સર્વે હરિભક્તોને મહોત્સવમાં પધારવા હાર્દિક જાહેર નિમંત્રણ પાઠવીએ છીએ.

**મહોત્સવ સ્થળ**

**શ્રી સ્વામિનારાયણ મંદિર રાપર (વાગડ) કચ્છ.**

**આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૫ અંક-૨ એપ્રિલ-૨૦૨૫
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૭૧

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીન: ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith



ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૩ |
| લેખ | ૪ |
| સત્સંગ સમાચાર-દેશ | ૧૧ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૩ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૬ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

**જો દીખતા હૈ વહ સત્ય નહીં, ઔર સત્ય હૈ, વહ દીખતા હી નહીં;**

**અબ તૂ હી બતા ઉપરવાલે, હૈરાન હૈં સબ નીચે વાલે..!**

ધ્યાનથી સમજવા જેવો આ શેર છે તાજું જન્મેલું બાળક આંખ ખોલે તો તેને 'મા' દેખાય. વધુ સમજણો થાય ત્યારે 'મા' જ તેને પિતાની ઓળખ કરાવે. ને વચ્ચે તે સૌને ને આસપાસ જોતો જ રહે. આ 'સત્ય' છે. ઈશ્વરે જીવ આ જીવને અગાઉના જન્મોમાંથી કર્મો ભોગવવા આ નવા ઘેર મોકલ્યો. હવે બાળકને કેટલાય જન્મોનાં મા-બાપ દેખાતાં નથી, તે હવે અસત્ય થયું.

આ જન્મ પછી વળી આ જીવ જ્યાં જશે તે કોઈ જાણતું જ નથી, તેથી તે અત્યારે 'અસત્ય' લાગે, કે ન 'સત્ય'. આ ચૌર્યાશી લાખના ફેરાથી માનવ હેરાન છે.

જો આ જ જીવ સત્સંગમાં આવે તો તેને સત્યાસત્યની કૂંપળ ફૂટે. પ્રતિદિન, પ્રતિક્ષણ આ અસાર સંસાર જ 'સત્ય' દેખાય છે. વાહ રે ! જીવ વાહ ! સો વર્ષો સંસાર ભોગવ્યા બાદ તે છોડે ત્યારે તે કર્માધારે ઠેરનો ઠેર ફરી પાછો ચક્કર ફેરામાં ઢેરનો ઢેર ! ભૂમિગત સંશોધન કહે છે કે ઊંડા ભૂગર્ભમાં કોલસો હજારો વર્ષો બાદ કોહિનૂર હીરો બની જાય..! તેથી કોલસાને હીરો ને હીરાને કોલસો શું કહેવું. 'સત્ય' તે 'અસત્ય' છે..! પૃથ્વીપરના આપણી સામે આ બંને છે..! તોયે આપણી બુદ્ધિ બહેર મારી જાય છે..!

આવી સત્યાસત્યતાની મુંઝવણમાંથી મંદિરે આવતા હરિભક્તોને ઉગારવા દિવ્યાતિદિવ્ય સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ નાની વયે જ શ્રીસહજાનંદ સ્વામી મહારાજને શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયની ધર્મની ધૂરા આપી. હજારો વર્ષોથી ગુલામીના ને અજ્ઞાનના ઘનઘોર અંધકારને દેદિપ્યમાન કરવા સ્વામિનારાયણ મહામંત્ર સમગ્ર વિશ્વમાં પ્રસારિત કરાવ્યો. વિશ્વમાં ઠેકઠેકાણે ફરફરતી ધજાવાળાં મંદિરો બનાવી ભગવાનના સ્વરૂપો પધરાવ્યા. ભગવાધારી સંતો-સદ્‌ગુરુઓ-હરિભક્તો કપાળે તિલક, કંઠમાં કંઠી, કરમાં સ્વામિનારાયણ મંત્રજાપ માટે તુલસી-સુખડની માળા તે સૌ સત્સંગીઓનું પ્રતિક સમાન છે.

# શિક્ષાપત્રી શ્લોક - ૯૦

- હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી' ભુજ



**वैश्यैश्च कृषिवाणिज्य कुसीदमुखवृत्तिभि : ।**
**भवितव्यं तथा शूद्रैर्द्विजसेवादिवृत्तिभि : ॥**

મારા આશ્રિત વૈશ્યો હોય તેમણે ખેતી કરવી, વ્યાપાર કરવો તથા વ્યાજવટો એ આદિક જે વૃત્તિઓ તેણે કરીને વર્તવું. તેવી જ રીતે શૂદ્રો હોય તેમણે બ્રાહ્મણાદિક ત્રણે વર્ણોની સેવા કરવી, એ આદિ વૃત્તિઓથી યુક્ત થવું.

ભાષ્યકાર શ્રીશતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, વૈશ્યો હોય તેમણે ખેતી કરવી. વૃદ્ધ પરાસર સ્મૃતિમાં કહેલી રીત વડે પૃથ્વી થકી ધાન્ય જે ઉપજ કરવી તેને ખેતી કહેવામાં આવે છે. અન્ય વૈશ્યો હોય તેમણે વ્યાપાર કરવો. શાસ્ત્રોમાં નહિ નિષેધ કરાયેલાં પદાર્થોને લાભને માટે ખરીદવાં અને વેંચવાં, તેને વ્યાપાર કહેવામાં આવે છે. અને વળી વૈશ્યો હોય તેમણે વ્યાજવટો કરવો. યાજ્ઞવલ્કય સ્મૃતિનાં વ્યાપાર અધ્યાયમાં કહ્યા પ્રમાણે યથાયોગ્ય ધનની વૃદ્ધિને માટે જે દ્રવ્યનો ઉપયોગ કરવામાં આવે, દ્રવ્યની વૃદ્ધિને માટે જે રોકાણ કરવામાં આવે, તેને વ્યાજવટો કહેવામાં આવે છે. તેમાં વ્યાજવટારૂપ વૃત્તિ પ્રાણીઓને માટે થોડી દુઃખરૂપ છે. આ વૃત્તિથી કરજદાર અતિ દુઃખને પામે છે. કોઈ સમયે ધનિક ધણીના ઉપદ્રવથી કરજદારને આત્મઘાત પણ કરવો પડે છે. અને જેના ઉપર કરજ ન હોય, તેને ઘરમાં ભલે અડધો રોટલો મળે તો પણ તે સુખી છે.

આ વિષયમાં મહાભારતના આરણ્યક પર્વનું વચન પ્રમાણરૂપ છે. પંચમેડહનિષષ્ઠે વા શાકં પચતિ યો ગૃહે । અનૃણિ ચાપ્રવાસી ચ સ વારિચર મોદતે ॥ આ શ્લોકનો એ ભાવ છે કે, જે પુરુષ પોતાના ઘરમાં રહીને પાંચમે દિવસે અથવા છઠ્ઠે દિવસે કેવળ શાક રાંધીને જમતો હોય, છતાં પણ તેના પર કરજ ન હોય, અને તેને પ્રવાસ વેઠવો પડતો ન હોય, તો તે પુરુષ આનંદને પામે છે, તે જ સુખી છે. પણ જેના પર કરજ હોય એ પુરુષ ક્યારેય પણ આનંદ મેળવી શકતો નથી. આ પ્રમાણે વ્યાજવટારૂપ વૃત્તિમાં પ્રાણીઓને દુઃખ રહેલું છે.

અને વળી શૂદ્રો હોય તેમણે બ્રાહ્મણાદિક ત્રણ વર્ણની સેવા કરવી. એ આદિક વૃત્તિઓ વડે પોતાની આજીવિકા ચલાવવી. વળી મહાભારતના અનુશાસનિક પર્વમાં કહેલું છે કે, દ્વિજ શુશ્રુયા ક્ષુદ્રઃ પરં શ્રેયો અધિગચ્છતિ ॥ બ્રાહ્મણાદિક ત્રણે વર્ણની સેવા કરવારૂપ આજીવિકાથી શૂદ્ર પરમ કલ્યાણને પામે છે. અને વળી શૂદ્રો હોય તેમણે માતાપિતાની સેવા કરવી તથા અહિંસાદિક ધર્મોનું પાલન કરવું એ આદિક ગુણોથી પણ યુક્ત થવું. આવો અભિપ્રાય છે.

"મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, જન્માંતરોનું પરિણામ છે ; જીવમાત્રની સમજણ માટે સંપ્રદાયે વ્યાપ્ત સમજણ આપી છે."

# SURA BHAKT OF LOYA

-Swami Harivadan Dasji -Bhuj

Surakhachar of Loya village means param sakha of Lord Swaminarayan. He was attached to his Ishtadev with extraordinary affection and after meeting Shreeji Maharaj, he recited satsang throughout his Life. He was very fat in body. He tied big turban on his head differently than other kings. He was so skilled in speaking, that if ever any king, tyagi, or yogi-yati was in front of him, seeing the opportunity, he would say such kinds words or sentences that men standing infront of him would have to laugh. But he doesn't laugh at all. Despite being the best friend of Shreeji Maharaj, he bowed to the saints of Maharaj by mind, deed and word. There is no deception or crookedness in his mind. He was of such a simple in nature. He faced many difficulties in his life, but his patience never wavered.

Once Surakachar was sleeping in his house in Loya. At that time thieves came and broke into the house and stole his big pataaro (big woodenbox - in olden days people used to keep money, ornaments and many valuable things.) Shreeji Maharaj put such weight in the pataara that the thieves could not take it far from the village road, fearing that everyone would wake up when it was light, the thieves left the pataara and ran away. Everyone passing by saw it and found that "this belongs to Surakhachar". Everyone gave the news to Surakhachar. Sura Bhakt had a habit of getting up early. So he saw that Pataara was missing from his house, but it was found back. Sura bhakt's wife Shantaba said: "If our Pataara was taken by thieves, nothing would left behind for us. But by the mercy of Shreeji maharaj, we found it back without breaking lock as it was before. So resolve to use half of that amount in the service of Shreeji Maharaj." All the actions of a devotee of God are for the pleasure of his beloved God. Shantaba also had such a unique devotion to Shreeji maharaj. Shantaba requested Sura Bhakt to call Shreeji maharaj here. Maharaj has protected us a lot.

At that time, Shreeji Maharaj was sitting in the darbar of Dadakhachar in Gadhada. Sura bhakt came and requested to come to Loya but Maharaj refused. Sura bhakt said, "if you do not come to Loya, I will do penance here." Maharaj said, "what kind of penance?" Bhakt said, "Maharaj, I was eating 3 times a day at home. Staying with you, I will eat 5 times a day, because I cannot go home without you, and I have to stay with you as a saint. Hearing this, Shree hari laughed and said yes to Surakhachar.

After somedays, Shreeji Maharaj reached Sarangpur with many saints and haribhaktas and performed the Janmashtami

festival. From there Shree Hari went to Kariyani. Celebrated Diwali Utsav, Annakoot, Prabodhini utsav and gave many blessings to his bhaktas. Jinabhai from Panchala also came to darshan and requested maharaj to come to Panchala. Maharaj asked Brahmanand swami and Nityananad swami, “Now what to do? Where to go?” Saints said, “Oh Lord! It’s up to you.” Maharaj said, “let’s Manki Ghodi (mare) decide, where to go?” Manki Ghodi chose the way of Loya.

Reaching Loya, Surabhakt and Shantaba perform a grand welcome for Lord Swaminarayan. As soon as everyone in the surrounding villages came to know about it, the next day, sixty maunds of brinjals were brought in carts by devotees. Succumbing to the loving devotees, Shreeji maharaj himself prepared a Brinjal’s shaak in twelve maunds of Ghee. Shreeji maharaj is stirring the shaak with a big spoon and used to clean hands on dhoti that he was wearing. This wonderful sight was rare even for Deities. Prepared millet rotas(rotlas). The vegetables made by Shreeji maharaj's hand and also served by Maharaj himself, the taste of the vegetables was amazing. All vegetables were eaten. Shreeji maharaj gave all the devotees a wonderful lifetime memory of this Shakotsav.

Pleased with the devotion of Shantaba and Surkhachar, Shreeji Maharaj stayed there for two months. Even in this small village, Maharaj filled everyone with happiness by talking about Atma-Paramatma and Brahma-Parabrahman, which everyone will understand by reading Loya's Vachanamruts.This Bhaktaraj did not understand much in the intricacies of the scriptures, but he was very fond of Shreeji maharaj and became engrossed in satsang. What wonder that such a unique Bhaktaraj should subdued Shreeji maharaj!

## ભગવાન ભજવાને વળી સવાદ શા ?

- અતુલ પોથીવાલા - અમદાવાદ

ગીર પંથકમાં નાજા ધરાઈ નામનું એક નાનકડું ગામ. એમાં જોધો ભરવાડ એની ભરવાડણ અને ઘેટાં-બકરાં સાથે નાનકડાં નેસડામાં રહે.

એક દિવસ કૂવામાંથી જોધો પાણી ઠાલવી બકરાઓનો પીવડાવી રહ્યો હતો. ત્યાં શ્રીજીમહારાજ દશવીસ કાઠી દરબારો સહિત ત્યાં આવી પહોંચ્યા. “આ ઘોડી પાણી વિના તરસે મરે છે, બે તાંહળી પાણી પાશો કે ?’’ સોમલા ખાચરે પૂછ્યું, “શુ કામ નહીં પાઈએ ? પાણીથી પાતળો થાય એવો આ જોધો નથી.’’ એમ કહી બે-ચાર ડોલું વાતવાતમાં જોધાએ ખેંચી કાઢી. બધાએ ધરાઈને પાણી પીધું. “આ બધા તમે ક્યાં જાવ છો ?’’ ચકળ વકળ જોતો જોધો ફરી બોલ્યો. “જઈએ છીએ વડતાલ, સમૈયો કરવા.’’ “આ સામે ઊભા છે એ કોણ છે ?’’ “એ તો સ્વામિનારાયણ ભગવાન છે.’’ સોમલા ખાચર બોલ્યા. “અહોહો આ પંડે ભગવાન કે ?’’ એમ કહી જોધો અડવાણે પગે દોડ્યો અને ભૂમિ ઉપર લાકડી પડે તેમ ઝટ દેતો મહાપ્રભુના ચરણોમાં પડ્યો અને બોલ્યો, “મહારાજ ! મહારાજ ! મને રોજ તમારી સાથે જ રાખો. મને

પોતાનો માની મારા પર એટલી મે'ર કરો. આ જોધાનું કાંડુ ઝાલી તમારો કરો, નહીં તો તમને મારા સમ છે.''

ભોળા ભટાક જોધાની કાલી કાલી વાણીથી શ્રીહરિ પ્રસન્ન થયા. કહે, ''અમે બધા હાલ વડતાલ જઈએ છીએ. ત્યાંનો સમૈયો કરી અમે પાછા ફરીએ ત્યારે તું જરૂર ગઢડે આવીને રહેજે અને દાદાખાચરની ભેંસું ચારજે.'' એટલું કહી માણકી નચાવતા નચાવતા માણીગર માવ તો ચાલી નીકળ્યા ! કાઠી દરબારોના ઘોડાઓ પણ એક પછી એક વાંસોવાંસ ઉપડ્યા.

જોધો ભગવાનને ફાટી આંખે જોઈ રહ્યો. મહારાજનું છોગલું જ્યાં સુધી દેખાતું ત્યાં સુધી કેડે હાથ દઈને ઊભો રહ્યો. દયાળુ દેખાતા બંધ થયા કે જોધાનાં નેણ નીચા નમ્યાં. મનોમન નિસાસો નાંખી બોલ્યો, ''ઓહો ! પ્રભુ તરછોડીને ચાલી નિસર્યા !''

મન વિનાનો જોધો બકરાં લઈને ઘરે પાછો આવ્યો. મહીયારણને સીધું જ કીધું, ''આ ગાયું, આ બકરાં, આ ઘરવખરી, આ ઝોક ને આપણો આ તરપંખડો બધું જ તું સંભાળી લેજે. હું તો હવે સ્વામિને ગઢડે જાઉં છું મહારાજ જોડે.'' મહારાજને મળવાની ચટકી જોઈ ગોવાલણ તો ઊભી ઊભી જાણે સીવાઈ જ ગઈ !

ધનતેરસનો દિવસ હતો. મહારાજે વંડામાં ગાયોનું વિધિસર પૂજન કર્યું. જોધો આવીને હાથ જોડીને ઊભો રહી ગયો. મહારાજે બધી ગાયોનું ધણ જોધાને ચરાવવા માટે સોંપ્યું.

દિવાળીનો દિવસ આવ્યો. ઘેર ઘેર આસોપાલવ અને આંબાનાં તોરણો બંધાણાં છે. ચંદનના સુગંધિત જળથી દુર્ગપુરની શેરીઓ સુવાસી રહી છે. ચોકે ચોકે ઈન્દ્રવર્ણા ધનુષ્ય જેવી રંગોળીઓ પૂરેલી જણાય છે. ઘેર ઘેર દીપમાળાઓ ઝગમગી રહી છે.

આવે વખતે મહારાજ ભગુજીને સાથે લઈ થોડાક કાઠી રાજવીઓ સંગાથે માણકી ઉપર સવાર થઈ જોધાની ભેંસુંનાં વંડા તરફ આવી રહ્યા છે. વંડામાં પેસતાં પ્રભુને નિરખી જોધો ગાંડો ગાંડો થઈ ગયો.

નાનકડા વંડામાં અદ્ધર બાંધેલા માંચડા ઉપર મહારાજ બિરાજ્યા. મુહૂર્ત વાર જમ્યા અને એ થાળનો મહાપ્રસાદ જોધાને આપ્યો. સત્સંગદીપના ઉત્સવ સમી દિપાવલીની શુભ રાત્રીએ જોધાને શ્રીહરિએ દિવ્ય દર્શન સુખ આપ્યું.

થોડાક દિવસો થયા ત્યાં એક દિવસ જોધાએ આવીને મહારાજને કહ્યું, ''આ તમારી ભેંસું હવે હું ચારવા નહીં જાઉં.'' ''કેમ શું થયું ?'' મહારાજે પૂછ્યું. કાં શું ? મોટા મનનાં મોટીબા (લાડુબા) તો રોજ ગળ્યું ગળ્યું ખાવાનું આપે છે, ઘી આપે, તસતસતી તાંસળી ભરી દૂધ આપે ! પણ એ બધી વહત હારે મારે આડવેર છે. હું મોટીબા ને કહી શકતો નહોતો, આજ દિ' સુધી પણ આજ તો ચટ દઈને કહી દીધું.

''શું કીધું ?'' ''જુઓ મોટીબા, મને જો જાડો ડગળાં જેવો બાજરાનો રોટલો, કોઠીંબાનું અથાણું અને એક દોણી ભરીને છાશ. આટલું આપશો તો જ ભેંસું ચારવા જઈશ ! મેં તો એમ કહી વાળ્યું છે ! તમે હવે ફરીવાર કહી દેજો.'' ''ભગવાન ભજવાને વળી સવાદ શા ?''

જોધાનું નિઃસ્વાદીપણું, નિર્માનીપણું, ઘર-કુટુંબ તજવામાં નિર્મોહીપણું વિગેરે જોઈ પ્રભુ ખૂબ જ રાજી થયા અને બોલ્યા, ''વાહ જોધા વાહ ! તું મારો સાચો વૃજવાસી ગોપ''

એમાં શું મહારાજ ! જોધો કાંઈ સારાં સારાં ધાન ઘસુડવા નથી આવ્યો. હું તો તમને પામવા આવ્યો છું. જોધો તો વટનો કટકો છે, એમ કાંઈ ખાનપાનમાં વળી લોભાહું ? તમારું સાંજ-સવાર દર્શન કરીએ તો પણ અમીના ઓડકાર આવે અને ભૂખ-તરશની વાતે ય યાદ ના આવે. તમારા ચરણમાં ફડશ રોટલો અને ખોબો ભરી ખળખળિયાનું પાણી પીવા મળે એટલે બસ, જોધો જગ જીત્યો.

એક અભણ અને અણઘડ એવા જોધા ભરવાડની વાત સાંભળી શ્રીહરિ અતિ પ્રસન્ન થયા. શ્રુતિ-સ્મૃતિનાં થોથાં ઉથલાવી દઈએ તોય આવી

સમજણ ન આવે એવું જ્ઞાન જોધાનાં મુખેથી સાંભળી મહારાજ ઊભા થઈને જોધાને બાથમાં લઈ ભેટ્યાં.

દિપાવલીના સપરમાં દિવસે પરબ્રહ્મ એવાં શ્રીહરિનો સ્પર્શ પામી જોધો તો ધન્ય બની ગયો.

ધન્ય છે જોધા ભરવાડને અને ધન્ય છે એની સમજણને!

## ધર્મ અને ભક્તિ જીવનના આધાર સ્તંભો છે.

- રમણ ગજ્જર-ભુજ

ભક્ત કવિ નરસિંહ મહેતા કહે છે કે,

'ભુતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહી રે. પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાશી માહીં રે.'

આ લોકમાં ભક્તિ જેવું મોટું કાંઈ જ નથી. માટે ભક્તિ કરીને જ જો પુણ્યનું ભાથું નહી બાંધો તો, અંતે ચોર્યાશી લાખ યોનીમાં ભટકવાના વારા આવશે.

શ્રીહરિએ પણ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ-૨૧ માં જણાવ્યું છે કે, "એક ભગવાન વિના સર્વ પદાર્થને વિશે અરુચિ તથા ભગવાનને વિશે માહાત્મ્ય સહિત એવી નિષ્કામ ભક્તિ એ સાધને કરીને ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે."

મતલબ કે કોઈપણ માણસ જો ભગવાનની ભક્તિ સાચા ભાવથી કરે તો તેને જરૂર ભગવાનની પ્રાપ્તિ થાય છે.

મોટા મોટા સાધનો-ઉપચારો વડે જ પૂજા કરનાર પર ભગવાન રાજી થાય તેવું નથી. ભગવાન તો ગરીબનિવાજ છે તે તો રંક જન પર રાજી થાય છે. તે તો ભક્તવત્સલ છે. ભક્તિમાં સાધનનું નહિ પણ શ્રદ્ધાનું જ મહત્ત્વ છે. તેથી જ કહેવાય છે કે, "જે ભજે તેના જ ભગવાન છે."

ભક્તિ વગરનું જીવન નિરર્થક છે. જેમણે જેમણે ભક્તિ કરી છે તેવા ભક્ત પ્રહલાદ, મીરાંબાઈ, નરસિંહ મહેતા, સંત તુકારામ, ભક્ત ધ્રુવને આજે પણ આપણે સૌ યાદ કરીએ છીએ.

આપણા સત્સંગમાં પણ દાદાખાચર, ઝીણાભાઈ, જોબનપગી, વેરાજી, કડવા ભકત, આંબા પટેલ, જીવુબા, લાડુબા વગેરેને આજેપણ સૌ યાદ કરે છે. કારણ કે તેમનામાં ભક્તિ ભરેલી હતી.

શાસ્ત્રોમાં નવ પ્રકારની ભક્તિ દર્શાવેલી છે. તેમાંથી જે અનુકૂળ હોય તે પ્રકારની ભક્તિ તમે કરો તે બધી જ ભક્તિ ભગવાનની શરણાગતિ તરફ લઈ જાય છે.

આજે સમાજમાં જ્યાં ત્યાં ચારિત્ર્યનો દુષ્કાળ દેખાય છે. તેનાથી સૌ અશાંત છે. ચારિત્ર્યવાન નાગરિકો તૈયાર કરવા માટે સંતો અહર્નિશ પરિભ્રમણ કરતા રહે છે. અને ઠેર ઠેર ભક્તિનું વાવેતર કરે છે.

કારણ કે ભક્તિનો માર્ગ જ ચારિત્ર્યનો છે. આ માર્ગે ચાલનાર વ્યક્તિઓમાંથી ધીમે ધીમે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષ્યા, તૃષ્ણા, માન, અહંકાર, આકાંક્ષા વગેરે જેવા દુર્ગુણો દૂર થતા જાય છે. અને તેનામાં સાત્ત્વિક ગુણો વધતા જાય છે.

અનેક શારીરિક કષ્ટો વેઠીને શ્રદ્ધાળુઓ અમરનાથની, વૈષ્ણોદેવીની યાત્રાએ જતા હોય છે. કારણ કે આ બધા ભક્તિના પ્રભાવ છે.

સાચા ભક્તોની બુદ્ધિ દિનપ્રતિદિન સતેજ બને છે. તેના જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે. તેનામાં સદ્‌ગુણો, સદ્‌વિચારો અને સત્કર્મોનો આવિર્ભાવ થાય છે. વિશેષતાય તેનામાં દૈવિ ચેતના વૃદ્ધિ પામે છે. આવા ભક્તોનો સમુહ એટલેજ સત્સંગ સમુદાય.

સાચો ભક્ત ક્યરેય પોતાનું ધાર્યું કરતો નથી પણ તે તો શ્રીહરિ, આચાર્ય, ગુરુ અને સંતોની શું મરજી છે. તેમની શું ઈચ્છા-આજ્ઞા છે. તેમજ વર્તે છે. વળી તે આ બધાની પાસે પોતાનું ધાર્યું પણ કરાવતો નથી.

ભક્તિમાં એક મોટી શરત એ છે કે તેનામાં બાળક જેવી નિર્દોષ બુદ્ધિ હોવી જોઈએ. કપટ યુક્ત ભક્તિ ભગવાનને ગમતી નથી. સાચો ભક્ત કોઈને પણ છેતરતો નથી, અને કોઈનાથી છેતરાતો પણ નથી. શ્રીમદ્‌ભાગવત્ કહે છે કે, ''ભક્ત કોઈનાથીય ડરતો નથી'' સાચા ભક્ત બનવા માટે શૂરવીર બનવું જોઈએ.માયકાંગલા લોકો ભક્તિ કરવામાં સફળ થતા નથી. તેથી તો કહ્યું છે કે, ''હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને.''

સાચા ભક્તો ક્યારેય ભગવાન પાસે માંગણી કરતાં નથી, પોતાની લાગણી-પ્રાર્થના દ્વારા રજુ કરતા હોય છે. ભગવાન જાણે છે કે મારા ભક્તને શું જોઈએ છે. અને તે..તે..આપતા હોય છે. જો અનુભવ ન હોય તો તમે કરી જૂઓ કારણ કે ઈશ્વર ઉપર વિશ્વાસ-શ્રદ્ધા રાખનાર ક્યારેય નિરાશ થતા નથી એવી લોકવાયકા છે.

''ભક્તે કોઈ ભાવનું દમન કરવું પડતું નથી, પણ તેથી ઊલટુ તે ભાવ પ્રબળ કરીને ભગવાનને સમર્પિત કરી દે છે.'' ભક્તો સાનભાન ગુમાવીને ભાવવિભોર બનીને ભક્તિ કરતા હોય છે.

ભક્તને ચેતવતા સંતો ગાઈ વગાડીને કહેતા હોય છે કે, ''પાપના પંથનો હંમેશા ત્યાગ કરવો, હરિ ભજનમાં ભંગ પડે તેનાથી હંમેશા દૂર રહેવું, પર ધન-સ્ત્રી ને કુદષ્ટિથી જોવું નહિ, પારકાની આંતરડી બાળવી નહિ, ક્ષણિક સુખ માટે કોઈની સાથે સંબંધો બગાડવા નહિ, સ્નેહભર્યા સંસારમાં આગ ચંપાય તેવા કાર્યોથી દૂર રહેવું, શ્રીહરિ જેમ રાખે તેમાં આનંદ માણવો, વળી કોઈની પાસેથી લાંચ ન લેવી.'' સંતોની આ શિખામણો શિર સાટે પાડનારની સત્સંગમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય છે.

સંતો વિના ભક્તોના સાચા સગા બીજા કોઈ નથી તેથી સદ્‌ગુરુ શ્રીનિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, ''સંત વિના સાચી કોણ કહે, સારા સુખની વાત ! દયા રહી છે, જેના દલમાં નથી ઘટમાંહિ ઘાત... સંત, જેમ જનેતાને હૈયે હેત છે, સદા સુતને થાય ! અરોગી કરવા અર્ભક ને પાયે કડવેરા કવાથ...સંત, જેમ ભમરી ભરે ભારે ચટકો પલટવા ઈયળનું અંગ, તેમ સંત વચન કટુ કહે આપવા આપણો રંગ...સંત, તેમ સંત સગા છે સહુના, જીવન જરૂર જાણો, નિષ્કુળાનંદ નિર્ભય કરે આપે પદ નિરવાણ...સંત.''

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ પણ ભલામણ કરી છે કે, ''જો તમારે પરમાત્માનાં ધામમાં જવાની ઈચ્છા હોય તો સંતોનો સમાગમ કરો એજ સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંત છે.''

સુરપુર, નરપુર, નાગપુર તીનોમેં સુખ નાહિ, કાં સુખ હરિ કે ચરણો મેં, કાં સંતન કે માંહિ. આમ ભક્તિના માર્ગે આગળ ને આગળ જેણે પ્રગતિ કરવી છે તેને સંત સમાગમ વિના પળભર પણ ચાલે નહિં.

શ્રીહરિએ શિક્ષાપત્રીમાં શ્લોક ૧૧૪ માં આજ્ઞા કરી છે કે, ભક્તિ અને સત્સંગ વિના ગમે તેવો વિદ્વાન હોય પણ તે અધોગતિને પામે છે.

આજે તો માણસો વહેલી સવારથી ઊઠીને મોડી રાત્રી સુધી દોડ દોડ કર્યા જ કરે છે. ત્યારે તેમાંથી થોડો પણ સમય કાઢીને ભગવાનની ભક્તિ કરી લેવી જોઈએ. સત્સંગ કરવો જોઈએ.

ધર્મ-ભક્તિ ભગવાનને ખૂબ જ વહાલા છે. તેથી તો શ્રીહરિના પિતા ''ધર્મદેવ'' અને માતા ''ભક્તિદેવી'' હતાં.

ટૂંકમાં માનવીના સર્વાંગી વિકાસ માટે ધર્મ-ભક્તિ બંને જરૂરી છે. જેનામાં ધર્મ-ભક્તિ છે. તેનામાં જ રૂડા ગુણોનો ભંડાર હોય છે. માનવીને ધર્મ-ભક્તિ જ તારે છે, ઊગારે છે, જીવન ટકાવે છે. અને અંતે તે જ ધર્મ-ભક્તિ અક્ષરધામમાં વાસ પણ કરાવે છે. ધર્મ-ભક્તિ તો માનવ જીવનના આધાર સ્થંભો છે.

બ્રેક વગરની ગાડીનો કોઈ ભરોસો રાખી શકાય નહીં. તે ગમે ત્યારે અકસ્માત સર્જે છે. બસ તે રીતે જ ધર્મ-ભક્તિ માનવ જીવનરૂપી ગાડીના બ્રેક છે. તે જેનામાં હોય તે કયાંય અથડાતા કૂટાતા નથી. જેનો જીવનપથ સરળ રીતે સહેજે સહેજે પૂરો થાય

છે. તે માનવ મનમાં રહેલા અંધકારને દૂર કરેછે. તો પછી હવે વાટ કોની જોવાની ? આજે જ નહિ અત્યારેજ ધર્મ-ભક્તિનો માર્ગ અનુસરીએ તે માટે પરમ કૃપાળુ પરમાત્મા આપણને દિવ્ય બળ, બુદ્ધિ અને શક્તિ પ્રદાન કરે તે જ અભ્યર્થના.

જય શ્રીસ્વામિનારાયણ

## ઇમાનદારી

- સંકલન - અવની ગોર ભુજ

વ્હાલા વાચકો ! જય શ્રીસ્વામિનારાયણ આજે આપણે એક દૃષ્ટાંત કથા દ્વારા જીવનમાં ઉતારવા જેવો સદ્‌ગુણ ઈમાનદારી વિશે જોઈશું.

ઘણા સમય પહેલાંની આ વાત છે. એક જંગલમાં નદીના કિનારે એક સંત મહાત્મા પર્ણકુટીમાં રહેતા હતા. મહાત્મા નદીમાં નિત્ય સ્નાન-સંધ્યાદિક વિધિ કરીને પોતાના નિત્યક્રમમાં લાગી જતા. એક વખત એવું બન્યું કે મહાત્મા નદીએ સ્નાન કરવા માટે ગયા, નદીમાં સ્નાન કરી અર્ઘ્ય આપતા હતા, ત્યાં તેમને નદીમાં કાંઈક તરતુ હોય એવું દેખાયું, અને તે એમની તરફ આવતું હતું. મહાત્માએ તે ઉપાડ્યું તો તે એક ફળ સફરજન હતું. તે સફરજન મહાત્માજીએ હાથમાં લીધુ, અને પોતાના નિત્યક્રમ કરીને પોતાની પર્ણકુટીમાં આવ્યા. ત્યા તે અનાયાસે મળેલ ફળ જમવાની ઈચ્છા કરી. ત્યાં એમના અંતરમાંથી નાદ (અવાજ) સંભળાયો. શું આ ફળ તમારું છે ? ‘‘તમે તમારા પરિશ્રમથી આ મેળવેલ છે ? જો તમે આ ફળ તમારા પરિશ્રમથી નથી મેળવ્યું તો આ ફળ ઉપર તમારો અધિકાર નથી.’’

આમ પોતાના અંતરનાદ સાંભળીને મહાત્માજીએ વિચાર્યું કે વાત સાચી છે, આ ફળ મારે રાખવો કે ખાવાનો કોઈ અધિકાર નથી. આ ફળના જે માલિક છે તેને આ ફળ પરત કરવું મારી ફરજ છે. આમ વિચારીને તે ફળ લઈને મહાત્માજી નદી કિનારે તેના માલિકને શોધવા નીકળ્યા. થોડા આગળ ચાલ્યા ત્યાં તેમને એક વાડી (બગીચો) દેખાયો. ત્યાં તે બગીચામાં ઘણા પ્રકારના ફળો વાવેલા હતા. અને પક્ષીઓ મધુર કલરવ કરી રહ્યા હતા. મહાત્માજી તે વાડીમાં ગયા, ત્યાં રહેલા વ્યક્તિને કહ્યું કે, હે ભાઈ ! તમારા બગીચામાંથી નદીમાં પડેલો આ ફળ તણાતું તણાતું મારી પર્ણકુટી પાસે હું જ્યાં સ્નાન કરવા ગયેલો ત્યાં મને મળ્યું છે. તે હું તમને પરત કરવા આવ્યો છું.

ત્યારે ત્યાં રહેલા તે વ્યક્તિએ કહ્યું, મહાત્માજી ! હું તો આ બગીચાનો રખેવાળ છું, આ બગીચો આપણા રાજાનો છે. આ બગીચાની માલિકી તો આ રાજ્યની છે. તો તમો ત્યાં જઈને તેમને મળો. એટલે મહાત્માજી ત્યાંથી નીકળ્યા અને રાજમહેલમાં આવ્યા. ત્યાં રાજા પોતાના રાજમહેલમાં સભા ભરીનો બોઠેલા હતા. રાજરાણીજી પણ સભામાં હાજર હતાં. સભામાં મહાત્માજી પધાર્યા એટલે સૌએ તેમનું અભિવાદન કર્યું. આવવાનું કારણ પૂછ્યું. ત્યારે મહાત્માજીએ બધી વાત કરી અને રખેવાળે કહ્યું એટલે તમારી પાસે આવ્યો છું. માટે આ ફળ લ્યો, તમારા બગીચાનું છે.

આ બધી વાત સાંભળીને રાણીજી આશ્ચર્યચકિત થઈને બોલ્યા, મહાત્માજી ! આટલા નાનકડા ફળ માટે આટલી કષ્ટદાયક યાત્રા કરવાની તમારે કોઈ આવશ્યકતા નહોતી. ત્યારે મહાત્માજીએ કહ્યું, હે રાણી સાહેબા ! આ ફળ નાનકડું છે એના માટે મેં આ યાત્રા નથી કરી, પણ હું મારા જમીર (ઈમાનદારી) માટે આ યાત્રા કરી છે, કદાચ હું આ ફળ જમી લીધું હોત તો મારી સત્યતા, મારી સાધુતા, મારી તપશ્ચર્યા નાશ પામી જાત. હું આવનાર મુમુક્ષુને સત્યનો રસ્તો કેમ બતાવી શકું ? મારા આચરણમાં ન હોય તો ઉપદેશમાં કેમ લાગે ? માટે મેં લીધેલો ભેખ બેવડી જવાબદારી છે. કારણ કે ભેખ મને મળ્યો નથી, મેં લીધો છે. સત્શાસ્ત્રોનું આચરણ કરીને મોક્ષમાર્ગે આગળ વધવા મારે મારું પોતાનું આચરણ જ ઉપયોગી થાય. એટલે આ યાત્રા મેં કરી છે.

મહાત્માજીના આવા ઈમાનદારી-સત્યતાના વચન સાંભળીને રાણીજી પ્રસન્ન થઈને

રાજાને કહે છે, આ મહાત્માજીનું સન્માન કરો અને આપણા અને આપણા રાજ્યના ગુરુપદે સ્થાન આપો. અને આપણા કુળના રાજ્યગુરુ તરીકે દરેક કાર્યોમાં તેમને સાથે રાખો.

તો મિત્રો ! આ દૃષ્ટાંત વાર્તા દ્વારા આપણને આ શીખવા મળે છે કે આપણે ગમે તેવી પરિસ્થિતિમાં પણ સત્યવાદી અને ઈમાનદાર રહેવું. સાચા અને ઈમાનદાર વ્યક્તિ હમેશાં સન્માનને પાત્ર થાય છે.

અસ્તુ જય શ્રીસ્વામિનારાયણ

# સત્સંગ સમાચાર - દેશ

## નારાયણ સરોવરનું ચાલતા બાંધકામનું નિરીક્ષણ કરવા પધારેલા પૂજ્ય મોટા મહારાજશ્રી તથા પૂજ્ય મહંત સ્વામી

દિનાંક ૧૦/૩/૨૦૨૫ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર, નારાયણ સરોવરનું ચાલતા







બાંધકામનું નિરીક્ષણ કરવા પધારેલા પૂજ્ય મોટા મહારાજશ્રી તથા પૂજ્ય મહંત સ્વામી આદી સંતો. નારાયણ સરોવર.

## શ્રીહરિકૃષ્ણ મહારાજનો વાર્ષિક ૧૫૮મો પાટોત્સવ ઉજવાયો - ભુજ

તા.૧/૩/૨૦૨૫ શનિવાર, ફાગણ સુદ-૨ ના દિવસો આદિ આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજે પ્રસ્થાપિત શ્રીહરિકૃષ્ણ મહારાજનો ૧૫૮ મો વાર્ષિક પાટોત્સવ ગામ નારાણપર ઉપલાવાસના બહેનોના મંદિરના મહંત અ.નિ.સાં.યો.મહંત દેવબાઈ પ્રેમજી વેકરીયાની સ્મૃતિમાં તેમના શિષ્ય મંડળના સર્વે સાં.યો.બહેનોના યજમાનપદે ઉજવવામાં આવ્યો.

સવારે ૫ઃ૩૦ કલાકે મંગળા આરતી કરી શ્રીઠોકરજીનો ષોડષપચાર પૂજન-અર્ચન કરી






પંચામૃતથી મહાભિષેક કરવામાં આવ્યો હતો. પછી ૮:૦૦ કલાકે શ્રીહરિકૃષ્ણ મહારાજ મહિમાની કથા



કરવામાં આવી અને શ્રીઠાકોરજી આગળ વિધવિધના પકવાન-ફરસાણનો અન્નકૂટ ગોઠવવામાં આવ્યો અને મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોના હસ્તે શ્રીઠાકોરજીની આરતી કરવામાં આવી હતી. અન્નકૂટ દર્શન બપોરના ૧૨:૦૦ વાગ્યા સુધી થયાં





હતાઆ પ્રસંગે ઉપસ્થિત સર્વે યજમાન પરિવારના સંબંધીજનોને મહંત સ્વામીએ રૂડા આશીર્વાદ સાથે ભુજ મંદિર તરફથી પહેરામણી કરી અંતરનો રાજીપો વ્યક્ત કર્યો હતો.

અ - સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

# શ્રીનરનારાયણદેવ પ્રીમીયર લીગ રમતોત્સવનું આયોજન




શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે શ્રીનરનારાયણદેવ પ્રીમીયર લીગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કબડ્ડી અને ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન રાખેલ હતું. જેમાં પ્રાદેશિક રમતમાં વિજેતા બનેલી ટીમો કેન્દ્રમાં રમવા માટે આવી હતી. તેનું આયોજન તા.૮/૩/૨૦૨૫ શનિવાર અને તા.૯/૩/૨૦૨૫ રવિવારના દિવસે રાખવામાં આવ્યું હતું.

તા.૮/૩/૨૦૨૫ શનિવારના દિવસે રામપર સમાજવાડીમાં કબડ્ડીની ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પ્રાદેશિક



વિજેતા ટીમો કેન્દ્રમાં રમવા માટે આવી હતી. કેન્દ્રમાં કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ વેકરા, મદનપુર, કોડકી, માધાપર, રવાપર અને મેઘપર આટલી ટીમો રમવા આવી હતી. તેમાંથી મદનપુર અને વેકરાના યુવાનો ફાઈનલમાં પહોંચ્યા હતા. અને ફાઈનલ મેચ યુવક મંડળ વેકરાના યુવાનો જીતી અને વિજેતા બનેલા હતા. આ આયોજનમાં યુવક મંડળના સંતોની શરૂઆતથી જ હાજરી રહી હતી અને યુવક મંડળના યુવાનોને પ્રોત્સાહન આપવા માટે ભુજ મંદિરથી પણ સંતો પધાર્યા હતા.



જેમાં સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી કૃષ્ણવિહારીદાસજી, સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી હરિસ્વરૂપદાસજી, સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી,



સ્વામી ભગવત્પ્રસાદદાસજીની હાજરી રહી હતી. અને વિજેતા અને ઉપવિજેતા ટીમને ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. આ આયોજનને સફળ બનાવવા માટે રામપર પ્રદેશના યુવક મંડળના



યુવાનોએ ખૂબ મહેનત કરી હતી. ગામના તથા મંદિરના અગ્રણીઓની પણ ઉપસ્થિતિ રહી હતી અને આયોજનમાં પધારેલ દરેક દર્શકો તથા ખેલાડીઓ ભોજન પ્રસાદ લઈ અને છુટા પડ્યા હતા.

તા.૯/૩/૨૦૨૫ રવિવારના પ્રાદેશિક ક્રિકેટમાં વિજેતા બનેલી ટીમોમાં મદનપુર, કેરા, વેકરા, રવાપર, પિયાવા, હિરાપર અને નારાણપર નીચલોવાસ યુવક મંડળના યુવાનો નારાણપર ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર ક્રિકેટ રમવા માટે આવ્યા હતા.




ક્રિકેટનું આયોજન સવારે સાત વાગ્યે શરૂ થઈ ગયું હતું. જેમાં સૌ પ્રથમ યુવક મંડળના સંતો દ્વારા દીપ પ્રાગટ્ય કરી ખેલાડીઓને આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ રમતનું આયોજન શરૂ થયું હતું. તેમાં પણ ઘણા બધા દર્શકો પોતાની ટીમનો ઉત્સાહ વધારવા માટે આવેલા હતા. બપોરના સમયે દરેક ખેલાડીઓ તેમજ દર્શકોએ ભોજન પ્રસાદ ગ્રાઉન્ડ ઉપર જ લીધો હતો. અને ક્રિકેટની પહેલી સેમી ફાઈનલ મેચ નારાણપર નીચલોવાસ અને પિયાવાના યુવક મંડળના યુવાનો વચ્ચે હતી તેમાં પિયાવાના યુવાનો વિજેતા બની ફાઈનલમાં પહોંચ્યા હતા. અને બીજી સેમી ફાઈનલ મેચ વેકરા અને મંદનપુર યુવક મંડળના યુવાનો વચ્ચે રમાઈ હતી. આ રોમાંચક મેચમાં મદનપુરના યુવાનો વિજેતા બની ફાઈનલમાં પહોંચ્યા હતા. અને ફાઈનલ મેચ પિયાવા અને મદનપુર યુવક મંડળના યુવાનો વચ્ચે રમાઈ હતી. જેમાં પિયાવા યુવક મંડળના યુવાનો ટોસ જીતી અને ફિલ્ડીંગ કરી હતી. મદનપુરના યુવાનો ૧૦ ઓવરમાં ૧૪૦/૬ રન નો ટાર્ગેટ આપ્યો હતો. આ ટાર્ગેટને પિયાવા યુવક મંડળના યુવાનોએ ૯/૪ ઓવરમાં પૂરો કરી અને ફાઈનલ વિજેતા બનેલા હતા. બંને ટીમો વિજેતા અને



ઉપવિજેતાને સંતો દ્વારા ટ્રોફી આપવામાં આવી હતી. આ આયોજનને સફળ બનાવવા માટે નારાણપરના યુવાનોએ ખૂબ મહેનત કરી હતી.

આ સંપૂર્ણ રમતોત્સવને સફળ બનાવવા માટે સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી હરિસ્વરૂપદાસજી, સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી, પ્રવિણભાઈ હિરાણી-વેકરા, નારાણભાઈ વરસાણી-મદનપુર, વિનોદભાઈ ભુડિયા-ફોટડી, સુરેશભાઈ ભુડિયા-દહીંસરા અને જાદવજીભાઈ કેરાઈ-નારાણપર એ ખૂબ મહેનત કરી હતી.

## ભુજ પ્રસાદી મંદિરે પંચદિવસીય પારાયણનું આયોજન

દિનાંક ૫ થી ૭ માર્ચ ૨૦૨૫ દરમિયાન પ.ભ.અ.નિ.નારાણભાઇ શીવજી હિરાણીના મોક્ષાર્થે પ્રસાદી મંદિરમાં ૫ દિવસની શ્રીભક્તચિંતામણિની પારાયણ કરવામાં આવી



હતી. બે સંહિતાપાઠી સંતો અન્ય અક્ષરનિવાસી આત્માઓના મોક્ષાર્થે શ્રીવાસુદેવ માહાત્મ્યની પારાયણ કરવામાં આવી હતી. જેના વક્તા સ્વામી નારનારાયણપ્રિયદાસજી તથા સ્વામી દેવપ્રિયદાસજી રહ્યા હતા. કથા રસપાન પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ પોતાની મધુરવાણીમાં કરાવ્યું હતું. મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને મંદિર તરફથી પહેરામણી કરવામાં આવી હતી. યજમાનશ્રીના ભાવને સ્વીકારી મહિલા મંદિરના મહંત સાં.યો.સામબાઇ ફઇ પધાર્યા હતા. યજમાન પ.ભ. ગંગાસ્વરૂપ કુંવરબેન નારાણ હિરાણી ભારાસર હાલે લંડન રહી આ ઉત્સવ ઉજવ્યો હતો. આ દરમિયાન દિનાંક ૬ ના સાંજે શ્રીઠાકોરજીની મહાઆરતી પણ કરવામાં આવી હતી. છેલ્લા દિવસે યજમાન પરિવારને મંદિર તરફથી પહેરામણી કરવામાં આવી હતી.

## ભુજ પ્રસાદી મંદિરે શ્રીમદ્‌ભાગવત ત્રીદિવસીય પારાયણનું આયોજન

દિનાંક ૫ થી ૭ માર્ચ ૨૦૨૫ દરમિયાન ૩ દિવસની ગામ મદનપુર-સુખપરના પ.ભ. વાલજીભાઇ હિરા વેકરીયા તથા અ.નિ. પ્રેમબાઇ



વાલજી વેકરીયાના મોક્ષાર્થે પ્રસાદી મંદિરમાં શ્રીમદ્‌ભાગવતની પારાયણ કરવામાં આવેલ હતી. કથા પુરાણી સ્વામી દેવવિહારીદાસજીએ પોતાની સરળ ભાષામાં સંભળાવી હતી. સંગીતમાં સહયોગ પુરાણી સ્વામી દેવપ્રિયદાસજીએ આપ્યો હતો. યજમાન પ.ભ. લાલજીભાઇ, ધ.પ. કાંતાબેન, પ.ભ. રામજીભાઇ, ધ.પ. પુષ્પાબેન, પ.ભ. પ્રવિણભાઇ, ધ.પ. પ્રેમિલાબેન, પ.ભ. પરબતભાઇ, ધ.પ.જશુબેન આદિ સુપુત્રો સપરિવાર રહ્યા હતા. યજમાન પરિવારને પ્રસાદી મંદિરના મહંત સ્વામી બાલકૃષ્ણદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી આદિ સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આવેલ દરેક ભક્તોને બંને ટાઇમ મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. યજમાનના આમંત્રણને માન આપી ગામ મદનપુરના સાં.યો.બહેનો પણ પધાર્યા હતા.

## હમીરસરોવર પૂજન સાથે મહાઆરતી



પ્રસાદી મંદિરમાં વિરાજતા શ્રીઘનશ્યામ મહારાજના પંદરમા પાટોત્સવ ઉપક્રમે દિનાંક ૯/૩/૨૦૨૫ રવિવારના રોજ શ્રીજીમહારાજની પ્રસાદીભૂત ભુજ શહેરની શોભારૂપ હમીરસરોવરનું પૂજન તથા મહાઆરતી કરવામાં આવી હતી. યજમાન પ.ભ.શ્રીસ્વામિનારાયણ મંદિર વિલસ્ડનના સર્વે હરિભક્તો રહ્યા હતા. પ્રતિનિધિ તરીકે પ.ભ.કુંવરજીભાઇ દેવરાજ વેકરીયા ઉપસ્થિત રહી સંતો સાથે પૂજન તથા મહાઆરતી કરવાનો લાભ લીધો હતો. પ્રસાદીનો આરો, રઘુનાથજીને આરે બહેનો વિભાગમાં સાં.યો.બહેનો અને પુરુષ વિભાગમાં સંતો યજમાનો સાથે જોડાયા હતા. નારાણપરથી મોટી સંખ્યામાં ભક્તો-બહેનો પધારી લાભ લીધો હતો.

-કો. સ્વામી રામનુજદાસજી

## હમીરસરોવર પૂજન સાથે મહાઆરતી

પ્રસાદી મંદિર ભુજના શ્રીઘનશ્યામ મહારાજ પંચદશાબ્દી મહોત્સવ ઉપક્રમે દિનાંક



૨૩/૩/૨૦૨૫ રવિવારના રોજ શ્રીજી મહારાજની પ્રસાદી ભૂત હમીરસરોવરનું પૂજન તથા મહાઆરતી કરવામાં આવી હતી. મંદિરમાં ૪ થી ૬ કીર્તન ધૂન બાદ રઘુનાથ આરે સૌ સંતો, ભક્તો, બ્રાહ્મણો તથા સાંખ્યયોગી બહેનો સાથે મળી આ પૂજન કરવામાં આવ્યું હતું. યજમાન અ. નિ. પરબતભાઇ કુંવરજી હાલારિયા તથા અ.નિ. ધ. પ. અમૃતબેનની સ્મૃતિમાં સુપુત્ર પ. ભ. ધનજીભાઇ તથા સુપુત્ર પ. ભ. વીરજીભાઇ સપરિવાર, કેરા હાલ લંડન રહ્યા હતા.

પ્રસાદી મંદિરના મહંત સ. ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી આદિ સંતોએ યજમાન પરિવારને પહેરામણી સાથે રુડા આશીર્વાદ પાઠવ્યા હતા. કેરા ગામના મોટી સંખ્યામાં હરિભક્તો બહેનો ભાઇઓ તથા સાં. યો. બહેનો પધારી આ પૂજન કાર્યક્રમમાં લાભાન્વિત થયાં હતાં.

-કો. સ્વામી રામનુજદાસજી

## અંજાર મંદિર દ્વારા મહાશિવરાત્રી મહોત્સવની ઉજવણી

અંજાર મધ્યે બિરાજમાન સર્વાવતારી પ્રભુ શ્રીઘનશ્યામ મહારાજના શુભ સાનિધ્યમાં અંજાર નૂતન મંદિરે પધારેલ દેવોમાં પ્રથમવાર મહાવદ ૧૩, તા.૨૬/૦૨ના રોજ મહાશિવરાત્રીના રોજ સવારે ૭:૧૫ થી ૮:૦૦ દરમ્યાન શિવજીનું પૂજન તથા સભા યોજાયેલ. કોઠારી પુ. સ્વામી દેવસ્વરૂપદાસજી, સ્વામી નારાયણપ્રિયદાસજી, સભા સંચાલક કોઠારી શાસ્ત્રી સ્વામી શ્રીરંગદાસજીએ વ્યવસ્થા સંભાળેલ અને શિવજીનો મહિમા વર્ણવેલ, આ પાવન અવસરે મંદિરના





વડીલ સ.ગુ.પુરાણી સ્વામી શ્રીહરિદાસજીએ પોતાના ઉદ્‌બોધનમાં કયુંહતુ કે "શિવજી અને વિષ્ણુજીનું એકાત્મપણું જાણવું, આપણે શિવજીને દરરોજ મનથી પણ જળ તથા દૂધના અભિષેક દ્વારા પૂજવા અને પ્રાર્થના કરવી કે હે મહાદેવ! અમારામાં સહનશકિત આવે અને માયાને તરી શકીએ" આ આયોજનમાં મોટી સંખ્યામાં સર્વે સત્સંગીજનો પધાર્યા હતા. પૂજન મંદિરના ગોર યોગેશભાઈ શાસ્ત્રીએ સંપન્ન કરાવેલ હતું. પૂજન-સભા બાદ સર્વે હરીભક્તોને પ્રસાદનું વિતરણ થયેલ.



# રાપર નૂતન મંદિર ઉત્સવનો લોગો અનાવરણ સાથે દિવ્ય શાકોત્સવ ઉજવાયો

શ્રીનરનારાયણદેવ તાબાનું શ્રીસ્વામિનારાયણ મંદિર રાપર તૈયાર થવા જઈ રહ્યું છે. જેનો મહોત્સવ તા.૯/૫/૨૦૨૫ થી તા.૧૫/૫/૨૦૨૫ સુધી ભવ્યાતિભવ્ય મહોત્સવ ઉજવવાનું નક્કી કરેલ છે. નૂતન મંદિરના ઉપલક્ષ્યમાં તા.૧૨/૧/૨૦૨૫ રવિવારના દિવસે ઉત્સવનો લોગો અનાવરણ સાથે શાકોત્સવ પણ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો હતો. જેના વક્તાપદે શા.સ્વામી નારાયણમુનિદાસજીએ લોયામાં ઉજવાયેલ ભવ્ય શાકોત્સવની લીલાની કથા સંભળાવી હતી.







આ પાવન અવસરે ભુજ મંદિરથી સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી અક્ષરવલ્લભદાસજી, નારાણપર ગુરુકુળથી સદ્‌ગુરુ સ્વામી નારાયણવલ્લભદાસજી, મંદિરના નિર્માણકર્તા સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, માંડવી મંદિરથી સદ્‌ગુરુ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી આદિ સંતો પધાર્યા હતા. તથા ભુજ બહેનોના મંદિરના મહંત સામબાઈ ફઈ સાથે ભુજ ચોવિસી, અબડાસા, વાગડના સાં.યો.બહેનો બહોળી સંખ્યામાં પધાર્યા હતા.





લોગો અનાવરણના યજમાન પ.ભ. હરજીભાઈ હરિભાઈ પોલાર રહ્યા હતા. જ્યારે શાકોત્સવના યજમાન પ.ભ.હરજીભાઈ દેવજી મુંઝાત રહ્યા હતા. યજમાન પરિવારને તથા પધારેલ ભક્તજનોને સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ અવસરે રાપર તથા વાગડના ગામડાઓમાંથી બહોળી સંખ્યામાં ભકતજનો પધાર્યા હતા. હરિભક્તોએ લોગો અનાવરણ સાથે આતશબાજી અને ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

## આધોઇ મંદિરમાં ઉજવાયો સંત વંદના મહોત્સવ

શ્રીનરનારાયણદેવ તાબાનું શ્રીસ્વામિનારાયણ મંદિર આધોઈમાં બિરાજતા ઠાકોરજીનો ૧૭ મો વાર્ષિક પાટોત્સવ એવં અ.નિ.સ.ગુ.પુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજીની પુણ્ય સ્મૃતિમાં સંત વંદના મહોત્સવ પ્રસંગે તા.૧૮/૨/૨૦૨૫ થી તા.૨૨/૨/૨૦૨૫ સુધી શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણનું આયોજન થયું. જેના વક્તાપદે શા.સ્વામી દેવનંદનદાસજી, શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, શા.સ્વામી પરબ્રહ્મજીવનદાસજીએ સુમધુર શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું. સાથે સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી તથા સ્વામી નીલકંઠમુનિદાસજીએ શ્રીકૃષ્ણની ભક્તિભાવથી વાગડને ઘેલું કર્યું હતું.

આ પાવન પ્રસંગે અમદાવાદ દેશ પિઠાધિપતિ આચાર્ય શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા લક્ષ્મી સ્વરૂપા ગાદીવાળા પણ પધાર્યાં હતાં તથા ભુજ મંદિરેથી પૂજ્ય મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, પૂજ્ય ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજી, પૂજ્ય સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ્વામી અક્ષરવલ્લભદાજી, સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી શાંતિપ્રિયદાસજી, સ્વામી વિશ્વવલ્લભદાસજી સાથે ભુજ પ્રસાદી મંદિર, અંજાર, માંડવી, રાપર તથા મંદિર સંચાલિત ગુરુકળોમાંથી સંતો પધારી યજમાનશ્રીઓને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાન ગામ વોંધ હાલે મુંબઈના ઈશ્વરભાઈ બાલાભાઈ રાવરીયા રહ્યા હતા. આધોઇ મંદિર સંભાળતા સાં.યો.વિજયાબાઈ આદિ નાના મોટા સાં.યો.બહેનોએ બહારથી પધારેલ ભક્તોને ખૂબ સારી રીતો સાચવ્યા હતા. સ્વામી હરિપ્રસાદદાસજીએ કથા પ્રસંગને અનુરૂપ ઉત્સવો ઉજવીને પધારેલ ભક્તજનોને રાજી કર્યા હતા.

## શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમી શાળા લગ્નગીત, લોકવાદ્ય અને સર્જનાત્મક કારીગરીમાં દ્વિતીય સ્થાને વિજેતા

ગુજરાત સરકાર દ્વારા આયોજિત કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ઉપક્રમે જિલ્લા યુવા વિકાસ અધિકારી બનાસકાંઠા દ્વારા આયોજિત ઉત્તર ઝોન પ્રદેશ કક્ષાની બાળ પ્રતિભા સ્પાર્ધા તા.૨૮/૨/૨૦૨૫નાં રોજ પાલનપુર ખાતે યોજાયેલ હતી.

જેમાં શ્રીનરનારાયણદેવ ગર્લ્સ એકેડમી શાળા પ્રદેશ (ઝોન) કક્ષા બાળ પ્રતિભા સ્પર્ધા ઉત્તર-ઝોન કક્ષામાં લગ્નગીત, લોકવાદ્ય અને સર્જનાત્મક કારીગરીમાં દ્વિતીય સ્થાને વિજેતા થયેલ છે. જે રાજ્યકક્ષાએ ગાંધીનગર ખાતે કચ્છનું પ્રતિનિધિત્વ કરશે.

દીકરીઓના પ્રશંસનીય પ્રદર્શન બદલ ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી, સમસ્ત સંત મંડળ, સાં.યો.મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાં.યો.બહેનોએ અંતરના રૂડા આશીર્વાદ સહ શુભેચ્છાઓ પાઠવેલ છે. સાથે મંદિરનું ટ્રસ્ટી મંડળ, સંસ્થા પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવિણભાઈ પિંડોરીયા, સંચાલક મંડળ, સંસ્થાના આચાર્યા દક્ષાબેન પિંડોરીયા, માર્ગદર્શક શિક્ષકો, સંગીત શિક્ષિકા દેવૃતિબેન ગઢવી સહ સ્ટાફ પરિવારને તેમજ દેશ-વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે.

## રોહા સુખપર પંચાહ્નપારાયણ

દિનાંક ૧૫ થી ૧૯ માર્ચ ૨૦૨૫ સંવત-૨૦૮૧ ફાગણ વદ ૧ થી ૫ સુધી શ્રીસ્વામિનારાયણ મંદિર રોહા સુખપરના દેવોનો ૧૦૧ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉત્સાહપૂર્વક ઉજવાઈ ગયો. આ પ્રસંગે ભુજ મંદિરના સદ્‌ગુરુ સ્વામી પ્રભુચરણદાસજી તથા સુખપર રોહાના સાં.યો.નાનબાઈની સ્મૃતિ સાથે પાંચ દિવસ આ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. શ્રીજીમહારાજે લખેલી શિક્ષાપત્રીની ૨૦૦મી જયંતીએ આ મહોત્સવમાં ‘શ્રીશિક્ષાપત્રી ભાષ્ય’ની કથા





રાખવામાં આવી હતી.

તા.૧૫ ના સવારે બહેનોના મંદિરેથી પોથીઓનું પૂજન કરી બહેનોના તથા ભાઈઓના મંદિરની પ્રદક્ષિણા કરી ભાઈઓના મંદિરના ચોકમાં તૈયાર કરેલ સભા મંડપમાં પધરાવવામાં આવી હતી. સવારે ગણેશ-વિષ્ણુ સ્થાપન બાદ દીપ પ્રાગટ્ય કરી વ્યાસજી તેમજ પોથીજીનું પૂજન કરી સંગીતના સથવારે આ પારાયણનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાંજે હનુમાનજી આગળ સમૈયો તથા ચોકમાં તબલા ઉપર રાસ રમવામાં આવ્યો હતો. આ પ્રસંગે ૩૦ થી વધુ સંતો અને ૬૦ થી વધુ સાં.યો. બહેનો પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

દિનાંક ૧૬ ના ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અમદાવાદથી કલાકારો-ગવૈયાઓ પધારી ભક્તિસભર ગીતો સાથે મોડી રાત સુધી આનંદ લીધો હતો. તા.૧૭ ના સાંજે શિક્ષાપત્રીનું પૂજન કરવામાં આવ્યું હતું. તા.૧૮ ના સવારે એક ઢોરની મંડળીવાળા હરિભક્તો પોતાના વાજીંત્રો લઈને પધાર્યા હતા. ફોટડી, સામત્રા, કોડકી, માનકુવા-ભક્તિનગર, ભારાસર, સુખપર, નરનારાયણ નગર, મદનપુર, મિરજાપર તથા માધાપર આદિ ગામના ભક્તો શોભાયાત્રામાં જોડાઈ શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. બહેનોના મંદિરથી પ્રારંભ થઈ ભાઈઓના મંદિરે શોભાયાત્રા વિરામ પામી હતી.

મહોત્સવ દરમિયાન ભુજ, માંડવી, પ્રસાદી મંદિર ભુજ, રાપર તેમજ ગુરુકુળોથી સંતો પધારી દર્શન-આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર ગામને પાંચ દિવસ બંને ટાઈમ મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો.

ગામના દરેક ભક્તો સભામાં પૂર્ણ હાજર રહી વિદ્વાન વક્તા પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી



તથા શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી દ્વારા ગવાયેલ કથા સાંભળી ખૂબજ રાજીપો અનુભવ્યો હતો. પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, ડો.સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી,



સ્વામી આનંદમુનિદાસજી, સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી રામાનુજદાસજી, સ્વામી નૌતમમુનિદાસજી, સ્વામી દેવપ્રિયદાસજી આદિ સંતો મંડળના દરેક સંતો આ પારાયણની વિવિધ સેવામાં સહયોગી રહ્યા



હતા. મુખ્ય યજમાન પ.ભ.માવજીભાઈ કરસન હિરાણી પરિવાર રહી મહોત્સવને મોટું રૂપ આપ્યું હતું. આ ઉત્સવમાં રોહા સુખપરના દેશ-વિદેશમાં રહેતા ઘણા બધા ભક્તો પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. રાત્રે ઓરકેષ્ટ્રા સાથે ભવ્ય રાસોત્સવ કરવામાં આવ્યો હતો.

દિનાંક ૧૯ ના સવારે ૭:૪૫ શ્રીઠાકોરજીના ૧૦૧ માં વાર્ષિક પાટોત્સવનો દિવસ હોવાથી પંચામૃતથી શ્રીહરિકૃષ્ણમહારાજનો અભિષેક કરવામાં આવ્યો હતો. સંતો, મુખ્ય યજમાનશ્રીઓ તથા સહ યજમાનશ્રીઓ તેમજ ગામના સર્વે હરિભક્તો આ લાભ લઈ ધન્ય થયા હતા. ત્યારબાદ ૫૬ ભોગના



થાળ ધરી પાટોત્સવની આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ બહેનોના મંદિરમાં આરતી કરી પારાયણનો પ્રારંભ થયો હતો. છેલ્લા સત્રમાં શિક્ષાપત્રી ભાષ્યની કથાની પૂર્ણાહુતિ અને ઉત્તર પૂજન-આરતી, સંત પૂજન, વ્યાસપૂજન વિગેરે કરી આ મહોત્સવની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

સભા સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું. અને મંદિરના ટ્રસ્ટીશ્રીઓ તથા કાર્યવાહક સમિતિએ મુખ્ય તથા



સહ યજમાનશ્રીઓ માટે પાહેરામણીની સારસા વ્યવસ્થા કરી હતી.

અ - લક્ષ્મણભાઈ રોહા સુખપર

# શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું માધાપર નવાવાસ
# ૨૦૦ કલાક અખંડ મહામંત્ર ધૂન

શીક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રીસ્વામિનારાયણ મંદિર માધાપર નવાવાસના સાં.યો. મહંત રતનબાઈ આદિ બહેનોની પ્રેરણાથી બહેનોના મંદિરમાં 'સ્વામિનારાયણ' મહામંત્રની ૨૦૦ કલાક અખંડ ધૂનનુ આયોજન કરવામાં આવ્યું હતું. ૯ દિવસ સુધી આ અખંડ મહામંત્ર ધૂનમાં મંદિરના મહંત સા.યો. રતનબાઈ, સા.યો.રામબાઈ, સા.યો. પૂરબાઈ, સા.યો. દેવબાઈ, સા.યો.રસીલાબાઈ, સા.યો. વનિતાબાઈ,સા.યો. અંજનાબાઈ આદિ સર્વ સા.યો. બહેનો તથા ગામના સર્વ ગૃહસ્થ બહેનોએ હાજરી આપી લાભ લીધો હતો.

તા.૬/૩/૨૦૨૫ બપોર પછી ૪:૩૦ વાગ્યે ભુજ મંદિરથી મંડળધારી સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરીબળદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી કેશવજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામીર દેવપ્રકાશદાસજી આદિ સંતો પધારી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા અને ધૂનની પૂર્ણાહુતિ કરાવી હતી.

ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે માધાપર મંદિરના પ્રમુખ રવજીભાઈ માવજી ભુડીયા આદી ટ્રસ્ટી મંડળના સભ્યો તથા ગામના નાના મોટા સર્વ હરિભક્તો હાજર રહ્યાં હતા.

અહેવાલ-ભીમજીભાઈ મુરજી ભૂડીયા

# શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર જુનાવાસ
# માધાપર શોભાયાત્રાનું આયોજન



શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર જુનાવાસ માધાપર દ્વારા શ્રીનરનારાયણદેવ જયંતી નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. નવાવાસ શ્રીસ્વામિનારાયણ મંદિરેથી શોભાયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં શ્રીનરનારાયણદેવને ફૂલોથી સજાવેલા રથમાં બિરાજમાન કરાયા હતા અને નગરયાત્રા ગામમાં રઘુનાથજી મંદિર, શિવ મંદિર, હનુમાનજી મંદિર,



વથાણ થઈ જુનાવાસનાં મુખ્ય માર્ગો ઉપર શોભાયાત્રા વાજતે ગાજતે નીકળી હતી. જેમાં નવાવાસ મંદિરની મંડળી તથા નવાવાસનાં હરિભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. અને વાજતે ગાજતે શોભાયાત્રા




શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર જુનાવાસ ખાતે વિરામ બાદ શ્રીનરનારાયણદેવનાં સ્વરૂપો પ્રસાદી મંદિરમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા અને ભુજ મંદિરેથી પધારેલ સંતો દ્વારા શ્રીનરનારાયણદેવનું પૂજન-અર્ચન કરીને સુંદર ફૂલોથી સજાવેલ હિંડોળામાં બિરાજમાન દેવોની ફુલદોલોત્સવની પૂજન આરતી કરી પુષ્પ વૃષ્ટિ કરવામાં આવી હતી. આ પ્રસંગે સભામાં ઉપસ્થિત સદ્ગુરુ પુરાણી સ્વામી હરિબાળદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી આદિ સંતોએ પધારેલ હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા.

પધારેલ સર્વે સંતોનું સ્વાગત-પૂજન પ્રસાદી મંદિર જુનાવાસની કાર્યવાહક કમિટી તથા નવાવાસ મંદિરની કાર્યવાહક કમિટીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

અ - મુકેશ કુંવરજી વરસાણી

## સત્સંગ સમાચાર - વિદેશ

### શ્રીસ્વામિનારાયણ મંદિર વિલ્સડનના સુવર્ણ જયંતી મહોત્સવ 'શ્રીસહજાનંદ સહાયતે' ઉપક્રમે અમદાવાદથી ભુજ સાઇકલ યાત્રા



શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડનના સુવર્ણ જયંતી મહોત્સવ 'શ્રીસહજાનંદ સહાયતે' ઉત્સવ ઉપક્રમે અમદાવદથી ભુજ સાઈકલ યાત્રાનું આયોજન કરાયું હતું. ૬૭ જણા યુવાનો-યુવતીઓ ફાગણ સુદ-૨, અમદાવાદ કાલુપુર મંદિરથી આરંભ કરી ૩ દિવસમાં ભુજ પધારી શ્રીનરનારાયણદેવના ચરણોમાં યાત્રા સંપન્ન કરી હતી. ભુજ મંદિરમાં દરેક સાઈકલ યાત્રાળુઓને આવકારવામાં આવ્યા હતા. પૂજ્ય મહંત સ્વામીએ પુષ્પમાળા સાથે સ્મૃતિચિહ્ન આપી અનુગૃહીત કર્યા હતા. એમની સાથે સ્વયંસેવક ટીમને પણ પૂજ્ય સ્વામીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા.૧૦ ના રોજ

લાયન્સ કલબમાં ભુજ મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી ૫૧ લાખનું અનુદાન દ્વારા ૧ હોલ અર્પણ કરાયેલું તેમનું ઉદ્‌ઘાટન કરાયું હતું. આ સાઈકલ યાત્રા ચેરીટી દ્વારા હાથપગ વિનાના લોકોને હાથપગ આપવા માટે આ નિમિત્તે આવેલ દાન વપરાયું હતું. આ સાઈકલ યાત્રામાં અન્ય સહભાગી સંસ્થા તથા દાતાશ્રીઓનો પ.ભ.વિલ્સડન મંદિરના પ્રમુખ પ.ભ.કુંવરજીભાઈ અરજણ કેરાઈએ આભાર માન્યો હતો.

## કેન્યા પ્રદેશમાં મેરુમાં નૂતન મંદિરનું ખાતમુહૂર્ત

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના સંતો દ્વારા અનેકવિધ સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક સેવાકાર્યો દેશ-વિદેશમાં થઈ રહ્યા છે. સત્સંગના





સંસ્કારો જળવાઈ રહે તે માટે જ્યાં જ્યાં હરિભક્તો રહેતા હોય ત્યાં સમય પ્રમાણે મંદિરો બનાવીને સત્સંગની પ્રવૃત્તિને બળ આપતા રહ્યા છે. આફ્રિકા ખંડના કેન્યા પ્રદેશમાં મેરુમાં ૧૮૮૨ થી ઘર મંદિર હતું. હાલના સમયને અનુસારે મોટા મંદિરની જરૂરત જણાતા ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા સહ આશીર્વાદથી ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી તથા પુરાણી સ્વામી પરમહંસદાસજી તથા કેન્યા પ્રદેશમાં વિચરણ કરતા સંતો દ્વારા તા.૧૬/૩/૨૦૨૫ રવિવારના દિવસે પ.ભ.વાલજીભાઈ કાનજી હિરાણી, સુપુત્ર રમેશભાઈ આદિ સપરિવારના મુખ્ય યજમાનપદે ખાતમુહૂર્ત તથા શિલાન્યાસવિધિ કરવામાં આવી.

આ પ્રસંગે સ્થાનિક હરિભક્તો તથા નૈરોબી, મોમ્બાસા, એલ્ડોરેટ, કેરુગોયા, નકુરુ, કીસુમુ, કેરિચો કંપાલા વિગેરે પ્રદેશમાંથી હરિભક્તો પધાર્યા હતા. સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ પોતાની આગવી શૈલીમાં કથામૃત પાન કરાવી સર્વે ભકતજનોને ભક્તિમય કર્યા હતા. ત્યારબાદ પધારેલ જે હરિભક્તોએ સંતોના વચને ફુલ નહી તો ફુલની પાંખડી સ્વરૂપે આર્થિક સહયોગ આપ્યો. પધારેલ સર્વે હરિભક્તોને સંતો દ્વારા સન્માન સહ આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા. સર્વે નાના મોટા યજમાનશ્રીઓ દ્વારા ઈંટોનું પૂજન કરાવી ભૂદેવો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે પધરાવવામાં આવેલ.



# કેન્યા પ્રદેશમાં કીસુમુમાં નૂતન મંદિરનું ખાતમુહૂર્ત





શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજના સત્સંગીઓ ધંધાર્થે જે જે પ્રદેશમાં ગયા ત્યાં સંતોની આજ્ઞાથી ભગવાનને સાથે તેડી જાય તેમ ૧૯૮૧ ની સાલમાં બળદિયા ગામના કરસનભાઈ રામજી રાબડીયા ધંધાર્થે કીસુમુ ગયા પોતે રહેતા ભાડાના મકાનમાં ઘર મંદિર શરૂ કર્યું. અને ઘરમાં સંતોના હસ્તે ઠાકોરજીની પ્રતિષ્ઠા કરાવીને મંદિર શરૂ કરાવેલ સમય જતાં સત્સંગ વૃદ્ધિ પામ્યો. અહીં પણ હરિભક્તોની સંખ્યા વધતા મોટા મંદિરની જરૂર ઉભી થઈ. ત્યારે સર્વે ભકતો મહંત સ્વામીને વાત કરી ત્યારે મહંત સ્વામીની આજ્ઞા સહ આશીર્વાદથી ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, પુરાણી



સ્વામી મુક્તવલ્લભદાસજી તથા પુરાણી સ્વામી પરમહંસદાસજી તથા કેન્યા પ્રદેશમાં વિચરણ કરતા સંતો દ્વારા તા.૨૩/૩/૨૦૨૫ રવિવારના દિવસે હવેલી મંદિરેથી વાજતે ગાજતે નૂતન શ્રીસ્વામિનારાયણ મંદિરની જગ્યાએ શોભાયાત્રા પધારી ત્યાં સભાનું આયોજન કરવામાં આવ્યું.



શાસ્ત્રી સ્વામી મુરલીમનોહરદાસજીએ કથામૃતનું રસપાન કરાવી સર્વે ભક્તોને પ્રભુમય બનાવી દીધા હતા. ત્યારબાદ આ પ્રસંગે સ્થાનિક હરિભક્તો તથા નૈરોબી, મોમ્બાસા, એલ્ડોરેટ, કેરુગોયા, નકુરુ, કીસુમુ, કેરિચો કંપાલા વિગેરે પ્રદેશમાંથી હરિભકતો પધાર્યા હતા. તેમાંના મુખ્ય



યજમાનશ્રીઓ અ.નિ.કરસન રામજી રાબડીયા હસ્તે સુપુત્ર લાલજીભાઈ આદિ સપરિવાર, અ.નિ.કરસન સામજી હિરાણી હસ્તે સુપુત્ર હરિશભાઈ તથા શીવજીભાઈ આદિ સપરિવાર તથા પ.ભ.કુરજીભાઈ રામજી હિરાણી હસ્તે સુપુત્ર કાનજીભાઈ હિરાણી આદિ સપરિવારે લાભ લીધો હતો.





ત્યારબાદ પધારેલ જે હરિભક્તોએ સંતોના વચને ફુલ નહી તો ફુલની પાંખડી સ્વરૂપે આર્થિક સહયોગ આપ્યો. પધારેલ સર્વે હરિભક્તોને સંતો દ્વારા સન્માન સહ આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા. સર્વે નાના મોટા યજમાનશ્રીઓ દ્વારા ઈંટોનું પૂજન કરાવી ભૂદેવો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે પધરાવવામાં આવેલ.

સભા સંચાલન સ્વામી પરમહંસદાસજીએ સંભાળ્યું હતું.

અ - સ્વામી વેદાંતસ્વરૂપદાસજી

# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

## માંડવીમાં ભગવાન શ્રીહરિ

લેખક :- સાધુ સંતસ્વરૂપદાસ

બાળમિત્રો! જય શ્રીસ્વામિનારાયણ, આજે સાંભળીશું માંડવીની લીલા.

ભગવાન શ્રીહરિ માંડવી નગરમાં બિરાજમાન હતા. એ સમયે એક દિવસ ખૈયા ખત્રી પોતાને ઘેરથી શ્રીહરિના દર્શન કરવા આવતા હતા. રસ્તામાં તેના મનમાં એવો સંકલ્પ થયો કે, 'જો દોઢ શેર જલેબી માગ્યા વિના મહારાજ મને આપે તો ભગવાન ખરા.' પછી મહારાજ પાસે આવી પગે લાગીને બેઠા. ત્યારે શ્રીહરિએ પૂછ્યું : "ખૈયા ભગત ! જલેબી જમશો ?" ખૈયાએ કહ્યું : "હા મહારાજ, જમાડો તો જમીએ." તે સમયે જ શ્રીહરિને દર્શન કરવા એક હરિભગત આવ્યા. તે જલેબીની માટલી લાવ્યા હતા. શ્રીહરિને પગે લાગીને માટલી શ્રીહરિની આગળ મૂકી. શ્રીહરિએ તે માટલીમાંથી ખૈયા ખત્રીને જલેબી આપી. તે એ જલેબી જમી ગયા. વળી શ્રીહરિએ પૂછ્યું : કે "હજુ જમશો ?" ત્યારે કહે : "હા, મહારાજ આપો તો જમીએ." શ્રીહરિએ અર્ધો શેર જલેબી આપી. તે પણ ખૈયા ભગત જમી ગયા.

વળી શ્રીહરિએ કહ્યું : "ખૈયાજી ! હજી જલેબી જોઈએ ?" ત્યારે તેણે કહ્યું : "મહારાજ ! આપો તો હજીએ જમીએ." ત્યારે શ્રીહરિએ કહ્યું : "તમે જ્યારે ઘેરથી નીકળ્યા ત્યારે રસ્તામાં કેવો મનમાં સંકલ્પ કરેલો હતો ?" ખૈયાએ કહ્યું : "મેં મનમાં એવો સંકલ્પ કરેલો કે આજ મહારાજ મને દોઢ શેર જલેબીની પ્રસાદી આપે, એવો સંકલ્પ કરેલો હતો." શ્રીહરિએ કહ્યું : "તો હવે નહિ મળે, તમે સંકલ્પ કર્યો હતો એટલી

જલેબી તમને આપી તે તમે જમી ગયા.'' ત્યારે ખૈયા ભગતે કહ્યું : ''મહારાજ ! તમે ભગવાન ખરા જે મારા મનના સંકલ્પને જાણી ગયા.''

આમ ભગવાન શ્રીહરિ ખૈયાના સંકલ્પને જાણી તેના સંકલ્પને પૂર્ણ કરી પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો.

એક દિવસ ભગવાન શ્રીહરિ ખૈયાના કારખાનામાં પધાર્યા હતા. ત્યાં એક કોઈ ખત્રીની સાથે શ્રીહરિ ભગવાનની વાતો કરતા હતા. ત્યારે તે ખત્રી એમ બોલ્યો : ''તમને એમ કે આ અમારો સત્સંગી થાય, પણ અમે તો વાઘ જેવા છીએ, તે તમારા વાડામાં ન આવીએ. બકરાં જેવા હોય તે તમારા વાડામાં આવે અને અમે તો વાઘ જેવા છીએ તે તમારા વાડામાં ન આવીએ.'' પછી શ્રીહરિ ત્યાંથી નીકળી ગયા.

ત્રીજે દિવસે ફરી શ્રીહરિ ખૈયાને લઈને તે ખત્રીને ઘેર ગયા અને પાંચેક ભક્તો પણ સાથે હતા. પહેલો ખત્રી એકલો તેના ઘરમાં હતો. શ્રીહરિ તેના ઘરના આંગણામાં એક પાટ હતો ત્યાં જઈને બેઠા. તે ખત્રીને ઘરમાંથી બહાર બોલાવ્યો. તે આવીને પ્રણામ કરીને બેઠો. તેની સાન ઠેકાણે લાવવાં, શ્રીહરિ અંતર્યામીરૂપે તેના અંતરમાં પ્રવેશ કર્યો.

પછી તેને કહ્યું : ''ખત્રીજી ! અમે કહીએ તેમ કરશો ?'' તે ખત્રીએ કહ્યું : ''હા, મહારાજ ! જેમ કહો તેમ કરીએ. શ્રીહરિ સાથે સંતો હતા. તે સંતો પાસેથી ભગવાં વસ્ત્ર હતાં તે લીધાં. પછી તે ખત્રીને શ્રીહરિએ કહ્યું : ''તમે પહેરેલાં વસ્ત્રો ઉતારો ને આ ભગવાં વસ્ત્રો પહેરો.'' ભગવાં વસ્ત્રો તેણે પહેરી લીધાં. પછી વળી શ્રીહરિએ કહ્યું : ''ઘરમાંથી ગાંદલાં, ગોદડાં ને વસ્ત્રો જે હોય તે બધુ લાવીને ચોક વચ્ચે ઢગલો કરો.'' પછી તો તે બધી વસ્તુઓ લાવીને ચોક વચ્ચે ઢગલો કર્યો. શ્રીહરિએ કહ્યું : ''હવે સળગતા દેવતા લાવીને આ બધુ સળગાવી દો. ત્યારે તે ખત્રી દેવતા લાવીને સળગાવવા તૈયાર થયો. ત્યારે ખૈયા ભગતે શ્રીહરિને કહ્યું : ''હે મહારાજ ! આ બધુ બાળી નાખશે તો ગામમાં આપણું સારું નહિ લાગે. ગામમાં હાહાકાર થઈ જશે. અને હે મહારાજ ! તમારી સાથે વાદ તો મૂર્ખ હોય તે કરે ને આપતો ભગવાન છો, માટે હવે આને જવાદો.'' પછી શ્રીહરિએ ખત્રીમાંથી પોતાનો પ્રવેશ હતો તે ખેંચી લીધો. પછી શ્રીહરિએ તેને કહ્યું : ''ભગત, અમે કહીએ તેમ કરશો ?'' ત્યારે તે કહે : ''અમે તો વાઘ જેવા છીએ, તે તમારા વાડામાં ન આવીએ.''

શ્રીહરિએ તને કહ્યું : ''ભાઈ ! તારા કપડાં સામું તો જો !'' તે ખત્રીએ પોતાનાં કપડાં સામું જોયું, ત્યાં તો તેણે ભગવાં કપડાં જોયા. ત્યારે તે બોલ્યો જે : ''મને પણ એમ લાગતું હતું કે મને કાંઈક તો થાય છે ખરું'' પછી ખૈયા ખત્રી કહ્યું : ''હવે ભગવાં કપડાં ઉતાર અને તારાં કપડાં પહેરીલે પછી આ કપડાંનો જે ઢગલો કર્યો છે તે ઘરમાં મૂક. અને હા, આ સ્વામિનારાયણ ભગવાન છે. તે કેવા છે, તો જે અનંત વિશ્વની નાડીપ્રાણ જેમના હાથમાં છે એવા મોટા છે. તે સાથે વાદ કરીને કોણ જીતે ? કોઈ ન જીતી શકે.'' પછી શ્રીહરિ ત્યાંથી ખૈયા ખત્રીને કારખાને પધાર્યા.

# -: જ્ઞાન સરિતા :-

## -: જ્ઞાનમાળા :-

૧. ધર્મને માટે પણ સત્સંગીએ શું ન કરવું ?

(અ) દયા (બ) હિંસાનું કર્મ

(ક) ચોરીનું કર્મ (ડ) નિંદા

૨. પુરુષ તથા સ્ત્રીઓ તેમણે પરસ્પર શું ન કરવું?

(અ) સ્નાન (બ) સત્સંગ

(ક) આત્મઘાત (ડ) વ્યભિચાર

૩. જુગટું આદિક જે વ્યસન તેનો તમે શું કરશો ?

(અ) ત્યાગ (બ) લાભ

(ક) પોષણ (ડ) નાશ

૪. ભાંગ્ય, મફર, માજમ, ગાંજો આદિક જે વસ્તુ શામાટે ન ખાવી કે ન પીવી ?

(અ) દુઃખ દેનાર છે (બ) સુખ દેનાર છે

(ક) કેફ કરનાર છે (ડ) બીમાર કરનાર છે

૫. જગન્નાથપુરીમાં શું લેવામાં દોષ નથી ?

(અ) માજમ (બ) પીણું

(ક) દર્શન (ક) પ્રસાદ

૬. કોઈ પણને વિષે શેનો આરોપણ ન કરવો

(અ) ખોટી નિંદા (બ) સ્વાદનો આરોપ

(ક) મિથ્યા અપવાદ (ડ) કોઈક અપવાદ

૭. કોઈને ક્યારેય શું ન દેવી..

(અ) ગાળ (બ) પાળ (ક) દવા (ડ) શૂળી

૮. દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ એમની ક્યારેય શું ન કરવી કે ન સાંભળવી..

(અ) પ્રશંસા (બ) પૂજા (ક) નિંદા (ડ) દયા

૯. સુરા, માંસનું નૈવેદ્ય અને બકરા આદિકની હિંસા થતી હોય તે દેવતાનું શું ન જમવું,

(અ) માંસ (બ) નૈવેદ્ય (ક) અન્ન (ડ) પ્રસાદ

૧૦. શિવાલયાદિક દેવ મંદિર આવે તો શું કરવું જોઈએ.

(અ) નમસ્કાર (બ) હરવું-ફરવું

(ક) દર્શન (ડ) આરામ

# -: હસ્તા રહો :-

શિક્ષક : એ ચંદુ તું રાજ શાળાએ મોડો કેમ આવે છે ?

ચંદુ : સાહેબ ! એમાં મારો વાંક નથી, કારણ કે હું શાળાએ પહોંચું એ પહેલાં જ પટાવાળો ઘંટ વગાડી દે છે.

----------------

શેઠ : મારે નોકરી માટે જવાબદાર માણસની જરૂર છે.

નોકરી માટે ગયેલો છગન : હું પહેલાં જયાં કામ કરતો હતો ત્યાં દરેક બગડેલા કામ માટે મારા શેઠ મને જ જવાબદાર ગણતા હતા.

----------------

રાજુ : તને કયારેય કોઈ એવોર્ડ મળ્યો છે ?

વિનુ : હા, મળ્યો છેને ? જયારે મને પગમાં ફ્રેક્ચર થયું હતું ત્યારે હોસ્પિટલમાં એ-વોર્ડ જ મળેલો.

## -: શબ્દ રચના :-

નીચે આપેલ શિક્ષાપત્રીના આદેશ વાક્યોમાં અક્ષરો ખુટે છે તે પૂર્ણ કરો અને આદેશ જીવનમાં ઉતારો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | સ | | ખા | | | | |
| ૨ | દા | | | | વો | | | |
| ૩ | | ચ | | લે | | | | |
| ૪ | | રી | | ક | | વી | | |
| ૫ | ગા | | | | લ | | | |
| ૬ | | દા | | ક | | વી | | |
| ૭ | | ગો | | ન | | | વો | |
| ૮ | વા | | | | ક | ૨ | | |
| ૯ | વ્ય | | | ન | | | વું | |
| ૧૦ | | | ચા | | ન | | | વો |
| ૧૧ | આ | | | ત | | | ૨ | |
| ૧૨ | | ૫ | | ન | | ક | | |


## શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

### રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૬૫
### ''શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ'' માસિક અંગેની માહિતી
### ફોર્મ નં.-૪ (જુઓ રૂલ નં.-૮)

| | | |
|---|---|---|
| પ્રકાશનનું સ્થળ | : | શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય, ભુજ |
| પ્રકાશનની સામયિકતા | : | માસિક |
| મુદ્રકનું નામ | : | મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી |
| રાષ્ટ્રિયતા | : | ભારતીય |
| સરનામું | : | શ્રીસ્વામિનારાયણ મંદિર, સ્વામિનારાયણ રોડ, ભુજ પીન-૩૭૦૦૦૧ |
| તંત્રીનું નામ | : | શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી |

જે વ્યક્તિઓ અખબારના માલિક હોય શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજની માલિકી.

જાતે કુલ્લ થાપણના એક ટકાથી વધારે રોકનાર ભાગીદારો અથવા શેર હોલ્ડર્સ હોય તેમના નામ-સરનામા.

આથી અમો જાહેર કરીએ છીએ કે, ઉપર જણાવેલ વિગતો અમારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુબજ સાચી છે.

તા.૧-૪-૨૦૨૫ શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી (તંત્રી)

# શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઇ ઝીણાભાઇ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઇ, સુત ભીમજીભાઇ ધ.પ.ધનબાઇ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૨૦૦- ખીમજી લાલજી રાબડીયા દાડમનો ફાલ સારો આવ્યો તે નિમિતે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - સરલી

૨૦૧- રમીલા દેવજી પ્રેમજી જોધાણી હસ્તે પુત્ર નંદન નવું સ્કૂટર લીધું તે નિમિતે - માનકુવા નવોવાસ

૨૦૦- ભરત મારાજ માધાપર પ્રસાદી મંદિરના પૂજારી પૌત્ર દર્શ કિશનના જન્મ દિવસ ફાગણ સુદ-૪ નિમિતે - માધાપર જુનાવાસ

૨૫૧- રામજી વાલજી જેશાણી, અ.નિ.ધ.પ.માનબાઇ રામજી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૦૦- હિરેન કલ્યાણ ભુડિયા જન્મ દિવસ નિમિતે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર

૨૦૦- ખીમજી માવજી માંડાણી બળદિયા ઉપલોવાસ ભાઇઓના મંદિરના ૫૦ વર્ષના ઉત્સવ નિમિતે - બળદિયા

૨૦૧- ગૌરવ અરવિંદભાઇ મોદી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - અમદાવાદ

૫૦૦- હિતેશ મનજી હિરાણી 'માતૃછાયા' નવા જે.સી.બી.મશીન પેટે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે ભેટ - નારાણપર નીચલોવાસ

૫૦૦- હિરજી સામજી રાબડીયા શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- પ્રિયેશ ગોવિંદ વાગાણી- જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - સુખપર

૨૫૦- આસિતા દિલીપ ભુવા જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - મદનપુર

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ



પ.પૂ. મહંત સદ્. સ્વામી ધર્મનંદનદાસજી

# શ્રી સ્વામિનારાયણ મંદિર
# નારાયણ સરોવર મધ્યે



# મૂર્તિ પ્રતિષ્ઠા
# મહોત્સવ

**પ્રારંભ : તા. ૧૦-૦૮-૨૦૨૫, રવિવાર**

**મૂર્તિ પ્રતિષ્ઠાઃ તા. ૧૪-૦૮-૨૦૨૫, ગુરુવાર**

**પૂર્ણાહુતિઃ તા. ૧૪-૦૮-૨૦૨૫, ગુરુવાર**

**:: સ્થળ ::**

**શ્રી સ્વામિનારાયણ મંદિર, નારાયણ સરોવર**

**આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ–કચ્છ.**

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2025/UPTO 31-12-2025






માંડવી મંદિર આયોજીત મંગલકારી શ્રી ઘનશ્યામ મહોત્સવનો વિજય ગરૂડધ્વજારોહણ કાર્યક્રમ ૧૦/૩/૨૦૨૫ ના રોજ પૂ. મોટા મહારાજ શ્રી તથા ભુજ મંદિરના મહંત સ્વામી આદિ સંતો તથા યજમાન પરિવાર હસ્તે કરાયું.






ભુજ મંદિરના તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર - ચોબારીનો નૂતન મંદિરમાં મૂર્તિપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૧૬ થી ૨૦ માર્ચ ૨૦૨૫ દરમિયાન શ્રીમદ્ ભાગવત્ પંચાહ્ન પારાયણ સાથે ધામધૂમથી ઉજવાઇ ગયો.